


સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે આવેલ એસ.ટી. વિભાગીય કચેરીના વર્કશોપમાં એકા-એક આગ લાગતાં ત્રણ એસ.ટી. બસો આગની લપેટમાં ખાખ થઈ ગઈ હતી. વર્કશોપની બાજુમાં આવેલ એવન-સયોગનગર સોસાયટીમાં લગ્ન -સંગમાં ફટાકડા ફોડતાં આગ લાગી હોવાનુ -ાથિમક તારણ બહાર આવ્યુ છે. બનાવની જાણ થતાં ફાયરબ્રિગેડની ટીમોએ ઘટના સ્થળે પહોંચી આગ ઉપર કાબુ મેળવી વધુ નુકશાન થતુ અટકાવ્યુ હતુ. (તસવીર : મગનજી વણઝારા)

# ચારુતર વિદ્યામંડળની કાઉન્સિલના ૧૦ સભ્યો બિનહરીફ ચૂંટાયા

## સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલે વિકાસમાં સહયોગ ઉત્સુક નવનિર્વાચિત સભ્યોને આવકાર્યા

વલ્લભવિદ્યાનગર, તા.૧૮

ચારુતર વિદ્યામંડળના કાઉન્સિલના સભ્યોની વારી પ્રમાણે ખાલી પડેલી ૧૦ બેઠકો માટે માત્ર ૧૦ ઉમેદવારીપત્રો આવતાં એ તમામ ૧૦ ઉમેદવારોને કાઉન્સિલમાં બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરતું જાહેરનામું સોમવારે ચૂંટણી અધિકારી ડૉ. એ.આર. જાનીએ બહાર પાડયું હતું.

ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલે ગત ૨૩ જાન્યુઆરીના રોજ બીવીએમ ઓડિટોરિયમમાં મળેલી કાઉન્સિલની સભામાં વ્યકત કરેલી ઈચ્છાને માન આપીને ૧૦ બેઠકો માટે સીવીએમના વિકાસમાં સહયોગ કરવાના સંકલ્પ સાથે અનુભવી એવા ૧૦ સભ્યશ્રીઓએ જ ઉમેદવારી નોંધાવી હતી. ડૉ. પટેલે બિનહરીફ ચૂંટાયેલા સભ્યોને આવકાર આપતાં આગામી વર્ષમાં ચારુતર વિદ્યામંડળને વિકાસનાં નવાં શિખરો સર કરવામાં તેમનો સક્રિય સહયોગ મળશે એવી શુભ ભાવના વ્યકત કરી હતી. સીવીએમના અધ્યક્ષ ડૉ. પટેલે જણાવ્યું હતું કે ચારુતર વિદ્યામંડળના સુચારુ સંચાલનમાં એકરાગતા લાવવાની અમારી ભાવનાને અનુભવી અને વિકાસલક્ષી સભ્યોએ ખુબ સારો પ્રતિસાદ આપ્યો તે આગામી દિવસોમાં ચારુતર વિદ્યામંડળના વિકાસની નવી મજલો સર કરવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થશે.

બિનહરીફ ચૂંટાયેલા સભ્યોમાં સર્વ શ્રી અરવિંદ ચુનીભાઈ પટેલ, અશોકકુમાર ગોરધમભાઈ પટેલ, સીએ કે.જી. પટેલ, ગીરીશભાઈ ડાહ્યાભાઈ પટેલ, જયવીરભાઈ છોટાભાઈ પટેલ, દિલીપભાઈ હરિહરભાઈ પટેલ, ફરસુભાઈ કનુભાઈ પટેલ, મદનભાઈ ધૂળાભાઈ પટેલ, મનીષકુમાર સુરેશભાઈ બીન પુરૂષોત્તમદાસ પટેલ અને વિશાળ હરિશભાઈ પટેલનો સમાવેશ થાય છે.

આગામી ૨૪ ફેબ્રુઆરીએ ન્યૂ વલ્લભ વિદ્યાનગર એડીઆઈટી સભાગૃહમાં સાંજના ૪-૦૦ વાગ્યાથી મળનારી ચારુતર વિદ્યામંડળની વાર્ષિક સાધારણ સભામાં નવનિર્વાચિત કાઉન્સિલ સભ્યોની ચૂંટણીની નોંધ લેવામાં આવશે.




(તસવીર : મગનજી વણઝારા)

હિંમતનગર ખાતે સોમવારે ભારતીય કિસાન સંઘ -રીત ખેડુતોની રેલી નિકળી હતી. એફ.ડી.આઈ.નો વિરોધ, જમીન અધિગ્રહણ, પાણીનુ કંપની કરણ, ખાતર પર સબસિડી શરૂ કરવા તેમજ ડાર્કઝોનમાં વિજ જોડાણો આપવા જેવા -શ્નોના નિરાકણ માટે ખેડુતોએ માર્કેટયાડથી રેલી સ્વરૂપે કલેકટર કચેરી જઈ આવેદન પત્ર આપ્યુ હતુ.

# લક્ષ્મીપુરાના સરકારી પશુ દવાખાનામાં સુવિધાના અભાવે ગ્રામજનોમાં રોષ

લક્ષ્મીપુરા, તા. ૧૮

લક્ષ્મીપુરા ગામે આવેલ સરકારી પશુ દવાખાનામાં છેલ્લા ઘણા સમયથી ડૉકટરની અનિયમિતાના કારણે દવાખાનામાં અબોલ પશુઓને યોગ્ય સારવાર ન મળતા પરિસ્થિતિ દયનીય બની છે જેથી પશુપાલકોમાં આ મામલે ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે.

લક્ષ્મીપુરા ગામે સરકારી દવાખાનું આવેલ છે. ગામમાં તથા આજુબાજુમાં ખેતી વ્યવસાય સાથે સંકળાયેલ અસંખ્ય પશુઓ ઘણીવાર બિમાચર પડ્યા હોય છે. જેની રોજીરોટી પશુ આધારિત પર આજીવિકા નિર્ભર હોય છે. પરંતુ આ પશુઓમાં ક્યારેક ઓચિંતિ બિમારી આવી જતી હોય છે ત્યારે પશુ માલિકો બે બાબકળા બની જતા હોય છે. જેમના આધાર સમુ પશુ દવાખાનું છે તેના ડૉકટરની અનિયમિતતા એ હદ કરી નાખી છે અને જેના કારણે અબોલ પશુની સારવાર ન મળતા પરિસ્થિતિ દયનીય બની છે. જેથી અસંખ્ય પશુઓના મોત થયા છે. આથી આ પરિસ્થિતિને યોગ્ય નિકાલ લાવવામાં આવે અને કાયમી ડૉક્ટરની નિમણૂક કરવામાં આવે તેવી ગ્રામજનો માંગ કરી રહ્યા છે.

# સાબરકાંઠા જિલ્લાના બે અલગ અલગ સ્થળોએ અકસ્માત : બેના મોત

હિંમતનગર, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લામાં બે અલગ અલગ સ્થળો જેવા કે વડાલી તાલુકાના જેતપુર અને ભિલોડા તાલુકાના ગડાદરા ગામ પાસે બે અકસ્માત થયાં હતા. જેમાં બે વ્યક્તિઓના ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યા હતા. બે અલગ અલગ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગત તારીખ ૧૭ ફેબ્રુઆરી ૨૦૧૩ની સાંજના સમયે વડાલી તાલુકાના જેતપુર ગામની સીમમાં એક અજાણ્યા કારચાલકે તેની કાર પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી રોડની સાઈડે ચાલતા જતા દિવાબેન રમણભાઈ વસાવા (ઉ.૪૫, રહે. જેતપુર)ના વડાલીનાોને ટક્કરમારી ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવી કાર લઈને નાસી ગયેલાની વડાલી પોલીસ સ્ટેશને રાજેન્દ્રકુમાર બાદરભાઈ પટેલે ફરીયાદ નોંધાવી હતી.

આ અંગે વડાલી પોલીસ સ્ટેશનના પો. સ.ઈ. કે. આર. પરમારે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે બીજો બનાવ ભિલોડા તાલુકાના ગડાદરા ગામની એસ.ટી. સ્ટેન પાસે ગત તા. ૧૭ ફેબ્રુઆરી ૨૦૧૩ના સાંજના સમયે આઈટેન કાર નં. જીજે-૯-બી.એફ.૦૦૨૫ના ચાલકે પોતાની કાર પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી રોડ ક્રોસીંગ કરવા જતા જીતુભાઈ કેશાભાઈ બામણીયાને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી સ્થળ ઉપર મોત નીપજાવી બીજાઓને ઓછાવતા પ્રમાણમાં ઈજાઓ પહોંચાડી નાસી ગયેલાની શામળાજી પોલીસ સ્ટેશને રામાભાઈ કાળાભાઈ પગી રહે. ગડાદરા, તા. ભિલોડાનાઓએ ફરીયાદ નોંધાવી હતી. આ અંગેની તપાસ જી.એમ.વાઘેલા પો.સ.ઈ.એ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## 'તણાવ મુકત જીવન' શિબિર નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા યોજાશે

નહેરૂ યુવા કેન્દ્ર સુરેન્દ્રનગર દ્વારા પાટડી તાલુકાના સડલા ગામે ઘર્ષણ તથા તણાવ મુક્ત જીવન જીવવાનું વિષયજ્ઞાન શિબિર યોજાયેલ હતી. શિબિર સમારોહના પ્રમુખ પદે અરજણભાઈ રબારી સરપંચ, ડિસ્ટ્રીક યુથ કો-ઓર્ડિનેટર રમેશ કપુર, હસમુખભાી પટેલ જિલ્લાના શ્રેષ્ઠ ખેલાડી ઉપસ્થિતમાં યોજાયેલ હતી.

# નહેરૂ યુવા કેન્દ્ર સુરેન્દ્રનગર દ્વારા રમત સ્પર્ધા લીંબડીમાં ૨૮મી ફેબ્રુઆરીએ યોજાશે

સુરેન્દ્રનગર, તા. ૧૮

ભારત સરકારની જિલ્લા યુવા સંયોજકની કચેરી દ્વારા યુવા અને તરૂણાવસ્થાના વિકાસ ઉપર રાષ્ટ્રીય કાર્યક્રમ દ્વારા પસંદગી તાલુકાઓમાં રમત-ગમત સ્પર્ધા વાર્તાલાપ ચર્ચાસભા તથા રમત-ગમતનું મહત્વ સમજે તે માટે તા. ૨૮મી ફેબ્રુઆરી લીંબડી મુકામે રાખેલ છે. રમેશભાઈ કપુર ડિસ્ટ્રીક યુથ કો.-ઓડિનેટર નહેરૂ યુવા કેન્દ્ર સુરેન્દ્રનગરે જણાવેલ છે.

# મોડાસાના ગણેશપુરા ખાતે પંચાલ સમાજનો સમૂહલગ્ન યોજાયો

હિંમતનગર, તા. ૧૮

અડાઆઠમ પંચાલ સમાજનો ૧૭મો સમૂહલગ્ન મોડાસાના ગણેશપુરા ખાતે યોજાયો હતો. જેમાં ૧૮ યુગલોએ પ્રભુતામાં પગલાં માંડ્યા હતા. લગ્ન સમારોહમાં મોટી સંખ્યામાં સમાજના લોકો ઉમટી પડ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે મંડળના પ્રમુખ છગનભાઈ અને અંબાલાલ, ભરતભાઈ, રમણલાલ, કમલેશભાઈ, સોમાભાઈ, રામાભાઈ સહિતના જ્ઞાતિજનોએ ભારે જહેમત ઉઠાવી હતી. ઉપસ્થિત આમંત્રિત મહેમાનોએ નવયુગલોને આશીર્વાદ આપ્યા હતા. દાતાઓએ કન્યાઓને દાનમાં ચીજવસ્તુઓ આપી હતી. તેમનું પણ ફુલહારથી સ્વાગત કરી આભાર વ્યક્ત કર્યો હતો. સમૂહલગ્નની આસપાસ પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો.

# ખેડબ્રહ્મામાં આદિવાસી અધિકાર અધિવેશન અને રેલી યોજાઈ

## 'જંગલ જમીન નામે કરો'-મજૂર અને બાળ અધિકારના અમલીકરણ માટે પ્રાયોજના વહીવટદારને આવેદન

ખેડબ્રહ્મા, તા.૧૮

ખેડબ્રહ્મામાં આદિવાસી અધિકાર અભિયાન અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના ત્રણ તાલુકાના આદિવાસી સમાજના બંધારણીય અધિકારો માટે સોમવારના રોજ ત્રીજું વાર્ષિક અધિવેશન અને રેલીનું આયોજન અધિકાર અભિયાન અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા-મેઘરજ અને ભિલોડા તાલુકાના આદિવાસીઓનું ત્રીજું વાર્ષિક અધિવેશન સોમવારના રોજ યાદવ કોમ્પ્લેક્ષના મેદાનમાં યોજાયું હતું. આ અધિવેશનના તરીકે સુધીર કટીયાર-સુશિલા પ્રજાપતિ-રસિક પરમાર અને રૂમાલ ધ્રાંગી ઉપસ્થિત રહ્યા હતાં. આ અધિવેશનમાં આદિવાસી સમાજના બંજધારણીય અધિકારો જંગલ જમીન નામે કરો-મજૂર અને બાળ અધિકાર અંગે વકતાઓએ અને અમલીકરણ થતું ન હોવાથી હજારોની સંખ્યામાં ઉપસ્થિત આદિવાસી ભાઈઓ-બહેનોએ પ્રાયોજના વહીવટદારની કચેરીએ રેલી સ્વરૂપે આવેદનપત્ર આપ્યું હતું.

આ અધિવેશનને સફળ બનાવવા રમેશભાઈ




(તસવીર : રમેશ વૈષ્ણવ)

કરવામાં આવ્યું હતું. જેમાં હજારોની સંખ્યામાં આદિવાસી ભાઈઓ-બહેનોએ જોડાઈ પ્રાયોજના વહીવટદારને આવેદનપત્ર આપ્યું હતું.

ખેડબ્રહ્મામાં આદિવાસી અધ્યક્ષ તરીકે રાજપીપળા સમાજ સેવા મંડળના નિયામક ઝેવીયરભાઈ-કાર્યક્રમના ઉદઘાટક તરીકે માનવ અધિકાર ઝુંબેશના રાષ્ટ્રીય સંયોજક વિજય પરમાર-અતિથિ વિશેષ ધારદાર રજૂઆતો કરી હતી અને આદિવાસી કાયદા અંતર્ગત જંગલ જમીન નામે કરોના ગુજરાતમાં ૧.૮૨ લાખ વ્યકિતગત દાવાઓ થયા છે તે અંગે સરકાર દ્વારા સંતોષજનક કાર્યવાહી નિનામા, વિક્રમ બુબડીયા તથા સોમાભાઈ મેણાત સહિત આદિવાસી અગ્રણીઓએ જહેમત ઉઠાવી હતી. આ અધિકાર અધિવેશનનું સંચાલન ગોબા રાઠોડે કર્યું હતું.

# પ્રાંતિજ તાલુકાના ઈન્દ્રાજપુરા પાસે સાબરમતી નદીના પટમાં પશુ મેળાનો થયેલો પ્રારંભ

પ્રાંતિજ, તા.૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ઈન્દ્રાજપુરા પાસેની સાબરમતી નદીના વિશાળ પટમાં અંબોડના મહાકાલી માતાજી ટ્રસ્ટ અને ગુજરાત સરકારના સંયુકત ઉપક્રમે પશુ મેળો તથા અશ્વ મેળાનું આયોજન ગત તારીખ ૧૫મી ફેબ્રુઆરીથી તા. ૨૪મી ફેબ્રુઆરી સુધી કરવામાં આવ્યું છે.

આ મેળામાં રાજય ભરમાંથી પશુ પાલકો મેળાનો લાભ તથા ભાગ લેવા ઉમટી પડયા છે. અશ્વ દોડ સ્પર્ધાનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતના માલધારીઓએ આર્થિક રીતે પોષાય અને સુધારેલાં અને ઊંચી ઓલાદના વિવિધ પશુઓની જાતો આસાનીથી મળી રહે તે માટે અંબોડ મહાકાલી માતાના સાંનિધ્યમાં નદીના વિશાળ પટમાં સૌથી મોટા પશુ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પશુ મેળામાં ગાયો, ભેંસો, ઘોડા તથા અન્ય પશુઓ લઈને માલધારીઓ તથા ઊંચી ઓલાદના પશુઓના વેપારીઓ મેળામાં આવી પહોચ્યા છે. ઉપરાંત મેળામાં યોજાનારા અશ્વ શોમાં કાઠીયાવાડી, મારવાડી જાતના ઘોડા-ઘોડી વછેરા ભારે આકર્ષણ જમાવી બેઠા છે. ઈ.એફ.આઈ.ના નિતિ નિયમોને આધિન અશ્વ દોડ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. અને આ મેળામાં મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી, પશુપાલન મંત્રી બાબુભાઈ બોખરીયા, લીલાધરભાઈ વાઘેલા સહિતના મંત્રીઓ પણ મેળાની મુલાકાત લેનાર છે. આ પશુ મેળામાં ખાણી પીણીના સ્ટોલ અને રાસ ગરબા સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજનો આયોજકો દ્વારા કરવામાં આવ્યા છે.

## અવસાન નોંધ

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના વતની અને ઈકરા ફાઉન્ડેશનના ચેરમેન યુસુફભાઈ ઈબ્રાહીમભાઈ સાબુગરનું આજ રોજ દુઃખદ અવસાન થયું હતું. મર્હુમની ઉંમર ૫૨ વર્ષની હતી. મર્હુમની જીયારત તા. ૧૯ ફેબ્રુઆરીને મંગળવારના રોજ સવારે ૯ કલાકે મસ્તુફા મસ્જીદમાં રાખવામાં આવેલ છે. જયારે બેસણું તા. ૨૦ ફેબ્રુઆરી ૨૦૧૩ને બુધવારના રોજ બપોરે ૨ થી ૪ના સમયે પોતાના નિવાસ સ્થાને રાખવામાં આવેલ છે.

# ખેડબ્રહ્માના દેવીનગરમાંથી બે મોટર સાઈકલ ચોરાઈ

ખેડબ્રહ્મા, તા. ૧૮

ખેડબ્રહ્માના દેવીનગર વિસ્તારમાંથી કોઈ અજાણ્યા ચોર ઈસમો દ્વારા તાજેતરમાં રૂ. ૩૭,૦૦૦ની કિંમતની બે મોટર સાઈકલ ચોરી કરી લઈ જવા અંગે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવા પામી છે.

ખેડબ્રહ્માની દેવીનગર સોસાયટીના રહીશ વિરેન્દ્રપુરી ભગવાનપુરી ગોસ્વામીના ઘર આગળ કંપાઉન્ડમાં પાર્ક કરેલ મોટરસાઈકલ નં. જી.જે-૯-સીઈ-૩૫૮૯ને ગત મંગળવારની રાત્રીએ કોઈ ચોર ઈસમો ચોરી કરી લઈ ગયા હતા જેની કિંમત રૂ. ૨૫,૦૦૦ છે. આ ઉપરાંત મહાવીરકુમાર રાજમલ મહેતાની મોટર સાઈકલ નં. જીજે-૯-એસી-૯૩૪૧ને પણ અજાણ્યા ચોર ઈસમો ચોરી કરી લઈ ગયા હતા. જેની કિંમત રૂ. ૧૨,૦૦૦ છે. આ બંને મોટર સાઈકલની કિંમત રૂ. ૩૭,૦૦૦ની ચોરી અંગે સોમવારના રોજ ગોસ્વામી વિરેન્દ્રપુરી ભગવાનપુરીએ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પી.એસ.આઈ. વીરલ પટેલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની
રવિવારે શો રૂમ
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પા...
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮